# Official Spokesperson's response to media queries regarding the vandalization of the Statue of Maharaja Ranjit Singh in Lahore

August 17, 2021

---

# લાહોરમાં મહારાજા રણજિતસિંહની પ્રતિમાની તોડફોડ કરવામાં આવી તે અંગે મીડિયાના પ્રશ્નો વિશે સત્તાવાર પ્રવક્તાનો જવાબ

ઓગસ્ટ 17, 2021

**લાહોરમાં મહારાજા રણજિતસિંહની પ્રતિમાની તોડફોડ કરવામાં આવી તે વિશે મીડિયાના પ્રશ્નોનો જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું કે,**

"અમે આજે લાહોરમાં મહારાજા રણજિતસિંહની પ્રતિમાની તોડફોડ કરવામાં આવી તે વિશે મીડિયામાં આવેલા ચિંતાજનક અહેવાલ અમે જોયા છે. 2019માં પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું ત્યારથી તેની તોડફોડ કરવામાં આવી હોય તેવી આ ત્રીજી ઘટના છે.

પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયોના સાંસ્કૃતિક વારસા પરના આવા હુમલા પાકિસ્તાની સમુદાયમાં વધતી જતી અસહિષ્ણુતા અને લઘુમતી સમાજ માટે અનાદર દર્શાવે છે.

લઘુમતી સમુદાય સામે હિંસાની ઘટનાઓ, જેમાં તેમના ધર્મસ્થાનો, સાંસ્કૃતિક વારસો તથા ખાનગી સંપત્તિ પરના હુમલા ચિંતાજનક દરે વધી રહ્યા છે. માત્ર બાર દિવસ અગાઉ પાકિસ્તાનમાં રહિમ યાર ખાન ખાતે એક ટોળાએ એક હિંદુ મંદિર પર હુમલો કરીને તેમાં તોડફોડ કરી હતી.

આવા હુમલા રોકવામાં પાકિસ્તાન સરકાર તેની ફરજ બજાવવામાં સદંતર નિષ્ફળ રહી છે. તેના કારણે પોતાના ધર્મનું પાલન કરતા લઘુમતી સમુદાયમાં ભયનું વાતાવરણ પેદા થયું છે.

અમે પાકિસ્તાન સરકાર સમક્ષ લઘુમતી સમુદાયની સુરક્ષા, સલામતી અને ભલાઈ સુનિશ્ચિત કરવા માટે માંગણી કરીએ છીએ."

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 17, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release